સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૪૯ / શુમારો : ૧

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૪

الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ મોહર્રમુલ હરામ ૧૪૨૯ હી., ૮-૧-૨૦૦૮

## -::: ઈફ્તેતાહીયાહ :::-

### -::::: ખુશી અને ગમ :::::-

**"ગમે હુસૈન ઝરૂરી હે ઝિંદગી કે લીયે, અંધેરા ચાહીએ એહસાસે રોશની કે લીયે."**

દુનિયાભરના મઝહબોમાં નવું વરસ ઘણું ધુમધામથી, કૈફો સુરૂરથી, ઝોર શોરથી અને બેહિસાબ દૌલતના ઈસ્રાફ અને દેખાવ સાથે મનાવવામાં આવે છે. બધા લોગો ખુશીનો ઈઝહાર કરીને જૂના સાલને વિદાય આપે છે અને નવા ઈરાદા-નવા જોશથી નવા વરસને વધાવી લે છે. હમણા જે મુજબનો નવા વરસને મનાવવાનો તરીકો છે માહૌલ છે તે પહેલા ન હતો. હમણા સાદગીનું નામો નિશાન નથી અને આજે ઈન્સાન પોતાની તનાવભરી ઝિંદગીથી પલ-દો-પલ છુટવા આવા મૌકાઓથી ખુશી હાસિલ કરવા, ન કરવી જોઈએ એટલી હદે દૌલત લુટાવે છે અને કોઈ પણ તરીકાથી પોતાને અને પોતાના ઘરવાલાઓને ખુશ રાખવાની કોશિશ કરે છે.

પણ હમારી વાત નિરાલી છે, જુદાગાના છે, બીજાઓના તરીકાથી હમારો તરીકો અલગ છે. હમારો તરીકો તૈયેબી-અલવી તરીકો છે જેમાં સાદગી અને સુકૂન પહેલી શરત છે. **હમને અલ્લાહતઆલાએ સાદું-સીધું-સાચું દીન બખ્શી હમારા ઉપર લાખ-લાખ કરમ ફરમાવેલો છે.** હમારા નવા વરસની પહેલી રાતે હમેં ખુશી-ખુર્રમી સાથે ઘરવાલા સાથે એક થાલમાં બેસીને, શુક્રના કલામ સાથે, અલ્લાહે બખ્શેલી જે જે નેઅમતો હાઝિર હોય તેને હમેં જમીએ છીએ અને પંજતને પાક (અ.સ.) ના તુફૈલથી અલ્લાહની રહેમતનો સાયો હમારા ઉપર સાલના તમામ અય્યામમાં રહે એવી હમેં દોઆ ગુઝારીએ છીએ.

**મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતે તાહેરા અને માતમો બુકાના બાબરકત અય્યામની સઆદત સાથે હમેં કારેઈનને હિ.૧૪૨૯ ના સાલે નૌ ની શાદમાની તેમજ ફરહતમંદીનો પૈગામ પૈશ કરીએ છીએ.**

નવા સાલના ખુશીના અય્યામ સાથે અલ્લાહતઆલાએ હમ મુમેનીનને તે સાહબે ફઝીલતની શહાદતનો ગમ આપેલો છે જે હમારે વાસ્તે એક રૂહાની તોહફો, હદીયો અને અતીયો છે. આ ગમ ઈમામે મઝલૂમ મૌલાના હુસૈન (અ.સ.) અને આપના અસ્હાબની શહાદત અને મઝાલિમનો ગમ છે, જેના વાસ્તે રસૂલેખુદા (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"જે કોઇ મારા હુસૈનના ગમમાં રોશે, રોવડાવશે કે રોવા જેવું મૂઁહ કરશે તો એ જન્નતનો હક્કદાર છે."** હમારૂં નવું સાલ ગમે હુસૈન થી ઈબ્તેદા થાય છે જેનો અજરો સવાબ જન્નતના હદીયાની ખુશી છે. હમને દુનિયાની ખુશી કરતા આખેરતની ખુશી ઝિયાદહ પસંદ છે. ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિક્ર અને ગમમાં દીને હક્કના તમામ સાહબોની ઝિક્ર સમાઈ જાય છે. હવે જે ગમના બદલામાં અલ્લાહતઆલા જન્નતની ઝમાનત આપતો હોય તો ભલા કોઈ મુમિન એવો હોય જે પોતાના નવા સાલની ઈબ્તેદા ગમે હુસૈન (અ.સ.) થી ન કરે ? ઝરૂર, તે સાલમાં અને તે કામમાં બરકત જ બરકત છે જેની ઈબ્તેદા ઝિક્રે અહલે બૈત (અ.સ.) થી થાતી હોય.

**" જે કોઈ મારા હુસૈનના ગમમાં રોશે, રોવડાવશે કે રોવા જેવું મૂઁહ કરશે તો એ જન્નતનો હક્કદાર છે. "**

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**મખ્લૂકનું કહ્યું માનીને ખાલિકની નાફરમાની ન થઈ શકે.**

## -::: સિબ્તૈને રસૂલ ઈમામૈન હસનૈન (અ.સ.) ની ફઝીલત :::-

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત છે કે, જે વક્ત ઈમામ હસન (અ.સ.) પૈદા થયા તો આપના માઁ સાહેબા ફાતેમા (અ.સ.) એ આપનું નામ "**હરબ**" રાખું. જિબ્રઈલ (અ.સ.) જન્નતના કપડાઓ માંથી એક રેશમનો ટુકડો રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને નઝદીક લઈને આવા જેના ઉપર "હસન" લખેલું હતું અને જિબ્રઈલ (અ.સ.) એ નબીએ અકરમ (સ.અ.વ.વ.) ને બશારત-ખુશખબરી આપી કે, ફાતેમાને ફરઝંદ થયા છે. નબીએ અકરમ માઁ ફાતેમાના ઘર પર તશરીફ લાવા અને કહ્યું કે, મને મારા ફરઝંદને બતાવો અને તમેં એનું નામ શું રાખું છે? મૌ.અલી (અ.સ.) એ ફરમાવું કે, સાહબ, હમેં હરબ રાખું છે. રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, આ નામ નહીં પણ આ ફરઝંદનું નામ "**હસન**" રાખો.

જે વક્ત ઈમામ હુસૈન (અ.સ.) પૈદા થયા તો આ મિસિલ જ વાકેઓ બનો. મૌ.અલી (અ.સ.) અને માઁ ફાતેમા (અ.સ.) એ ઈમામ હુસૈન (અ.સ.) નું નામ પહેલા તો "હરબ" રાખું હતું. પણ જે વક્ત રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ આની ખુશખબર પહોંચી તો આપ માઁ ફાતેમા (અ.સ.) ના ઘર પર પધારા અને કહ્યું કે, મારા ફરઝંદને મારે નઝદીક લાવો. ઈમામ હુસૈન (અ.સ.) નો ચહેરો જોઈને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, આ દિકરા ઘણા જ ખૂબસૂરત-જમાલદાર છે તે સબબ એનું નામ "હરબ" નહીં મગર "હુસૈન" રાખો. **આ બેવે મુબારક નામો હસન અને હુસૈન જન્નતના લોગોના નામો માંથી છે.** મૌ.મોહસિનનું નામ પણ રસૂલુલ્લાહ બાવાજીએ તે વક્ત રાખું હતું જે વક્ત માઁ ફાતેમા એનાથી હામેલા હતા, તે બાદ એક ઝાલિમના સબબ આપના ઉપર દરવાઝો પડો અને એનો સદમો એટલો ભારી હતો કે મૌ.મોહસિનનું હમલ પડી ગયું.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "મેં સઘલા ફરઝંદો **હસન-હુસૈન-મોહસિન** ના નામ મૌ.હારૂન (અ.સ.) ના ફરઝંદોના નામ ઉપરથી રાખા છે. જેના નામ **શબ્બર, શુબૈર અને મુશબ્બિર** હતા." આપે બેવે ફરઝંદો હસન અને હુસૈન ના અકીકામાં એક-એક બકરી ઝબેહ કીધી હતી અને સાતમે દિન માથાના બાલ ઉતારા હતા. આપે મૌ.ફાતેમા (અ.સ.) ને ફરમાવું કે, ફરઝંદના માથાના ઉતારેલા બાલના વઝન બરાબર સદકો કરી દો. મૌ.ફાતેમા (અ.સ.) એ બાલનું વઝન કીધું તો ડોઢ દિરહમ બરાબર થયું અને એટલું જ આપે સદકો કરી દીધું.

મૌ.ઉમ્મે સલમાહ (રિ.અ.) થી આ બયાન નકલ કરવામાં આવું છે કે, રસૂલુલ્લાહ બાવાજીએ મૌ.ફાતેમા, મૌ.હસન અને મૌ.હુસૈન અલયહિમુસ્સલામને આપના મકાને શરીફ પર બોલાવા પછી મૌ.હુસૈનને હાથ પર લીધા. ઉમ્મે સલમાહ કહે છે કે, મેં રસૂલુલ્લાહને પાછલ બેસેલી હતી અને ફાતેમા આપને આગલ બેસેલા હતા. આ જ હાલતમાં થોડા વક્ત તક રસૂલુલ્લાહ બાવાજી રહ્યા અને પછી હુસૈન આપના હાથ પરથી નીચે આવી ગયા. મેં હુસૈનને સંભાલવા ગઈ તે પહેલા આપે જલ્દીથી સંભાલી લીધા અને દોબારહ હાથમાં લઈ લીધા. મેં અરઝ કીધી કે, અય મારા સાહબ ! મેં તો એમ સમઝતી હતી કે આપ નિંદમાં છો. રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, આ મારા અહલેબૈત જે વક્તથી મારા મકાન પર આવા છે તે વક્તથી આ મોહંમદને નિંદ નથી. મારા ફાતેમા અને ફરઝંદો હાઝિર હોય તો ભલા મને કઈ તરહ આરામ હોય, આ મોહંમદને હર વક્ત અહલેબૈતનો ખયાલ રહે છે. તે બાદ રસૂલુલ્લાહ બાવાજીએ થોડી રાત ગુઝરી જાવા બાદ મૌ.ફાતેમાને ફરમાવું કે, તમેં તમારા ઘર તરફ રૂખસત લો, અલી તમારો ઈન્તેઝાર કરતા હશે. પછી મૌ. ફાતેમાએ હુસૈનને ઉઠાવી લીધા અને હસન આપને આગલ ચાલવા લાગા. રસૂલુલ્લાહ બાવાજીની નઝર આ ત્રણે સાહબો ઉપર છે, પછી આપે ફરમાવું કે, "**અય પરવરદિગારે આલમ ! આ સઘલા મારા અહલે બૈત છે અને એ સઘલાને મેં ખૂબ મોહબ્બત કરૂં છું.**" આ મુજબના કલામ આપે ત્રણ વાર ફરમાવા.

અખ્બારની કિતાબોમાં બયાન છે કે, રસૂલુલ્લાહ બાવાજી આપના અસ્હાબ સાથે ઈશાઈલ આખેરતની નમાઝ પઢતા હતા. તે વક્ત મૌ.હસન અન મૌ.હુસૈન આવા. નમાઝ દૌરાન જે વક્ત રસૂલેખુદા સજદામાં જાય તો બેવે શાહઝાદા આપની પીઠ મુબારક ઉપર ચઢી જાય. આપ જે વક્ત સજદા માંથી માથું ઊંચું કરે તો બેવેને આહિસ્તાથી ઝમીન ઉપર મૂકી દે. તે બાદ દોબારહ આપ સજદો દે તો બેવે પાછા એ જ મુજબ અમલ કરે. આમ આપે પૂરી

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**ઈસ્લામમાં હજ્જ અને શાદી બગૈર રહેવાનો હુકમ નથી.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***ઈફ્તેતાહીયાહ .........***

આજે દાઅવતની મજલિસની બંદિશમાં પણ આ જ તર્ઝ છે કે, હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ના ફરમાનથી હમેં હર મજલિસનો આગાઝ કલામે અહલે બૈત (અ.સ.) થી કરીએ છીએ. જે મુજબ મૌ.ઈસ્માઈલ (અ.સ.), પોતાના બાવાજી મૌ. ઈબ્રાહીમ (અ.સ.) ની સુન્નતને સાબિત રાખવા કુરબાન થાવા તૈયાર થઈ ગયા તે મુજબ મૌ. હુસૈન (અ.સ.) પોતાના નાનાજી સાહેબના દીન-સુન્નતને ઝિંદગી બખ્શવા પોતાની ઔલાદ-અન્સારો સાથે ખુદ ફિદા થઈ ગયા. અલ્લાહની ખુશીમાં પોતાની ખુશી સમઝીને શહાદતને ગલે લગાવી લીધી. મુમિન હુસૈનથી છે, મુમિનનું દિલ હુસૈનની હિમ્મત છે, મુમિનની આઁખ હુસૈનનું નૂર છે, મુમિનનું સર હુસૈનની હક્કપરસ્તી છે, મુમિનનો સીનો હુસૈનની હુજ્જત છે, મુમિનના આઁસૂ હુસૈનનો સબ્ર છે, મુમિનના અમલ હુસૈનની કુરબાની છે અને **મુમિનનું માતમ હુસૈનનો નાઅરો છે. અલ્લાહો અકબર, યા હુસૈના, અલ્લાહો અકબર !!!**

ન હમેં હુસૈન ઈમામ (અ.સ.) ને જોએલા છે, ન કરબલાની ઝમીનને જોયેલી છે, ન યઝીદી મલઊનોનો અહલે હરમ પર ઝુલ્મને જોએલો છે, ન લૂટાયેલા ખૈમાઓને જોએલા છે, ન તપતી ઝમીન પર ઝખ્મી લાશાને જોએલા છે, ન ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ની બીમારી અને નાંગા ઊંટો પર સવાર સૈયેદાતને જોએલા છે, તો પણ જે વક્ત હમારા કાન ઉપર **"યા હુસૈન" "યા હુસૈન"** ની નિદા પડે છે કે હમારા દિલમાં ગમો માતમની એક લહેર દોડી જાય છે અને હમેં બેસાખ્તા હમારા સીનાને પીટવા પર આમાદહ થઈ જઈએ છીએ. હમારે સામે ગોયા કરબલાનો પૂરો નકશો આવી જાય છે અને જાણે હમેં કરબલામાં જ હોઈએ અને શહાદત હમણા જ વાકેઅ થઈ હોય એવો એહસાસ થાય છે અને હમેં પણ હક્ક વાસ્તે શહીદ થઈ જઈએ એવો પૂરજોશ જઝબો દિલમાં ઉભરી આવે છે. આ તમામ હુસૈન (અ.સ.) ની મોહબ્બતનો કરિશ્મો છે, હમારી રૂહાનીયત હમારા પ્યારા ઈમામ સાથે એ મુજબ જોડાયેલી છે કે, ભલે ઝાલિમોએ હમારા ઈમામને શહીદ કીધા પણ આજે હુસૈન હમારા દિલોમાં વસે છે, હમારા કલામ અને અમલમાં ઝિંદા છે. **હુસૈન હમને ઇમાનથી ઝિંદા રાખે છે અને હુસૈનના સબબ હુસૈનના દાઇના હાથ પર અલ્લાહ હમારી રૂહને રોઝએ રિઝવાનમાં પહોંચાવશે.**

મોહર્રમુલ હરામના દસ દિન આશુરાના અસરના વક્ત તક જે જોશ-જઝબાના સાથે મસ્જિદુન્નૂરાનીમાં ફજરમાં હુસૈની-અલવી શાનાત સાથે મજલિસો માતમ બરપા થાય છે તે પૂરા આલમમાં લાસાની-લામિસાલ છે. કોણ એવો મુમિન બંદો હોય જે હુસૈનીયતના રંગમા રંગાવવા ન ચાહતો હોય ? કોણ એવો હુસૈની બંદો હોય જે જન્નતમાં જાવાનો રસ્તો જ્યાં મીલતો હોય ત્યાં આવવા ન ચાહતો હોય ? કોણ એવો અલવી બંદો હોય જે પોતાની રૂહાની ઝિંદગી વાસ્તે ઈલ્મના મોતી-ગોહર લૂંટવા ન ચાહતો હોય ? હમને હુસૈન બોલાવે છે, હુસૈન દાઅવત આપે છે, હુસૈન હમારો ઈસ્તિકબાલ કરે છે, હમને હુસૈનના મેહમાન બનવાનું છે. જે મેઝબાન જન્નતના જવાનોના સરદાર હોય તો યકીનન મેહમાન ની ખિદમતમાં જન્નતની નેઅમતો સિવાય બીજું કઈ હોઈ જ ન શકે. તો, ચલો મુમેનીન, જન્નતી લોગોના ઝુમ્રામાં હમેં પણ શામિલ થઈએ, હુસૈનનું ઈઝન કુબૂલ કરીને **"હુસૈની"** બનીએ. અલ્લાહતઆલા તમામ મુમેનીનને આ લાઝવાલ બરકતોથી ફૈઝ હાસિલ કરવા મજલિસે હુસૈનીમાં હાઝિર-નાઝિર કરે. ★

*(પેજ નં. ૨ નું બાકી)* ***સિબ્તૈને રસૂલ ઈમામૈન હસનૈન (અ.સ.) ......***

નમાઝ પઢી તે બાદ બેવે શાહઝાદાને લીધા અને ચુમીને પોતાના પહેલૂ પર બેસાડા. અસ્હાબ માંથી એક શખ્સ ઉઠા અને રસૂલેખુદાને અરઝ કીધી કે, અય સાહબ! આપ ઈજાઝત આપો તો આ બેવે શાહઝાદાને લઈ જાઉં. રસૂલેખુદાએ ફરમાવું કે, ના. તે પછી આસમાનમાં એક વીજલીનો ચમકારો થયો. રસૂલુલ્લાહ બાવાજીએ બેવે શાહઝાદાને કહ્યું કે, તમેં બેવે તમારા માઁ સાહેબા પાસે ચાલા જાવ. બેવે તે વીજલીની રોશનીમાં ચાલવા લાગા અને પોતાના ઘર તક પહોંચી ગયા.

ઈમામૈન હસનૈન (અ.સ.) ના તુફૂલીયત-બચપણા ના અખ્બાર-કિસ્સાઓ બેશુમાર છે જેનાથી આપ સાહબોના દરજા, રૂત્બા અને ફઝીલતોની માઅરેફત થાય છે અને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના દિલમાં આપ બેવે નવાસાની મોહબ્બત અને આપની આઅલા શખ્સીયતનો અંદાઝો લગાવી શકાય છે. ★

**મુમિનને લાયક નથી કે પોતાને ઝલીલ અને નીચો સમઝે.**

## -::: કરબલા અને તે બાદ :::-

કરબલા તરફ રૂખ કરતા પહેલા મૌ.ઈમામ હુસૈને (અ.સ.) સઘલા સાથીદારોને જમા કીધા અને ફરમાવું, “આજે ઘણી ગમખ્વાર ખબર મીલી છે. મૌ.મુસ્લિમ, હાની અને કૈસની શહાદતોની ખબર મીલી છે. એ પણ જાણવા મીલું છે કે, અમારા કૂફા શહેરમાં રહેતા દોસ્તોએ અમારી સાથે દગો કીધો છે. લેહાઝા તમારા માંથી જેમની મરઝી હોય તેઓ કોઈપણ તરહની શરમ યા દિલમાં ખટકો રાખા બગૈર અહીંથી જઈ શકે છે.

ઈમામે (અ.સ.) એના વાસ્તે આ ફરમાવું કે, આપને એ ખબર હતી કે, આપને સાથે આવનારાઓમાં એવા લોગો પણ હતા જેઓ એવી ઉમ્મીદ સાથે આવા હતા કે, ઈમામ તેમને એક એવા શહેરમાં લઈ જઈ રહ્યા છે જયાંના વતનીઓ અહલેબૈત (અ.સ.) ના શીઆ છે. પણ આ વાત ગલત હતી. સબબ કે, કૂફા જાવાનો ઈરાદો હતો. **પણ કૂફામાં તો સઘલા મુનાફિક થઇ ગયા હતા.** જાનના દુશ્મનો હતા. તેથી આવી ખૌફની મંઝિલમાં આપની સાથે એ લોગો આવે એ ઈમામને ઝરા પણ મુનાસિબ ન લાગ્યું, મન્ઝૂર ન હતું.

ઈમામ (અ.સ.) ની આ ઝાહેરાત પછી મંઝિલ બ મંઝિલ ઘણા કાચા દિલના લોગો આપને છોડી આઝુબાઝુ ચાલા ગયા. ફકત એ લોગો જ સાથે રહ્યા કે જેઓ છેક મદીનાથી આપની સાથે આવા હતા અને બીજા એવા જાઁનિસાર લોગો કે જેઓ રસ્તા માંથી સફરમાં આપની સાથે થયા હતા. આમ આ ઈમાનવાલા હક્કના પરવાનાઓનો નાનો પણ વફાદારી, કુરબાની, અઝમ અને ઈસ્તિકલાલના જવાહિરથી ભરેલો કાફલો આગલ વધતો રહ્યો અને પછી તો કરબલાની પુરદર્દ હકીકત ઈબરતનાક તારીખ બની ગઈ.

શહાદતે હુસૈન (અ.સ.) બાદ યઝીદી લશ્કરીઓ કરબલાના શોહદાઓના રાસ મુબારકને ભાલાની નોક પર ચઢાવી, ઊંટોની ખુલ્લી પીઠ પર નબીઝાદીઓને બેસાડી, ચાદરો છીનવી લઈ, બાઝુઓમાં રસ્સી બાંધી, ઈમામ અલી ઝયનુલ આબેદીન (અ.સ.) ને હાથ-પગ-ગલામાં ઝંજીર, બેડી અને રસ્સીથી જકડી અહલેબૈત (અ.સ.) ના કૈદીઓના હાથમાં ઊંટોની રસ્સી આપી કરબલાથી કૂફા અને કૂફાથી દમાસ્કસ (શામ) લાવા. જંગલ અને ધગધગતી રેતીનો બંજર ઈલાકો હતો. મંઝિલ બ મંઝિલ રાતમાં ઠંડી વધતી જાતી હતી. એ ઠંડીથી બચવા અહલેબૈત પાસે કોઈ સાઝો સામાન-અસબાબ ન હતા. તારીખ નવીસ કહે છે કે, કૂફાથી શામ તકની મંઝિલોમાં અહલેબૈતના કંઈક બચ્ચાઓ દિવસની ધગધગતી લૂ ના સબબ યા રાતની શિદ્દતની ટાઢના સબબ વફાત થયા.

કરબલાના બનાવ પછી કૂફામાં ઉબૈદિલ્લાહની સામે અને દમિશ્કમાં યઝીદની સામે ઝયનબ (અ.સ.) એ જે બલીગ હુજ્જતો ફરમાવી છે તેની તારીખમાં નઝીર મીલવી મુશ્કિલ છે. દાઅવતુલ હક્કની સરસબ્ઝી-શાદાબી ફાતેમા (અ.સ.) અને ઝયનબ (અ.સ.) જેવા ઉંચા દરજાના માઁ સાહેબાઓ, અસમા બિન્તે શેહાબ અને હુર્રતુલ મલેકા જેવા આલી વકાર ખાતૂનોની દોઆ અને નિગેહબાનીના અઝીમ કારનામાથી જ છે. એમાં કોઈ શક નથી.

રિવાયતમાં છે કે, મૌલાના ઝયનબ (અ.સ.) એ પોતાના ભાઈ હુસૈન (અ.સ.) ને જે જગા પરથી શહીદ થાતા જોયા હતા, તે જગા ઉપર આપે આપના દસ્તે મુબારકથી એવા કલામ લખા હતા કે, **“રબ્બુલ ઇઝ્ઝત ! મારા મઝલૂમ ભાઇની કુરબાની તું કુબૂલ કરજે અને મારા નાનાજીની ઉમ્મતને બખ્શી દે જે. સાથે જ આ બદબખ્ત ઝાલિમોને પણ તું તૌફીક અતા કર કે તેઓ હક્ક અને બાતિલને પહેચાની લે.”** અલ્લાહો અકબર! શું ઝયનબ (અ.સ.) ની હિમ્મત છે કે, જે વકત દુશ્મનોએ ખૈમાઓમાં આગ ચાંપી દીધી તો એ બહાદુર બાપની બહાદુર દીકરી બીજી મસ્તૂરાતો અને બચ્ચાઓનો હાથ પકડીને ખૈમામાંથી બહાર લઈ ગયા. એટલું જ નહીં પણ બીમાર અને લાચાર ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને પોતાના કાંધાના સહારે કમરથી પકડીને સલામત બહાર લઈ આવા.

**“ રબ્બુલ ઈઝ્ઝત ! મારા મઝલૂમ ભાઈની કુરબાની તું કુબૂલ કરજે અને મારા નાનાજીની ઉમ્મતને બખ્શી દે જે. સાથે જ આ બદબખ્ત ઝાલિમોને પણ તું તૌફીક અતા કર કે તેઓ હક્ક અને બાતિલને પહેચાની લે. ”**

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**દુનિયામાં મહેમાન બનીને રહો અને મસ્જિદોને જ પોતાના ઘરો સમઝી લો.**

(પેજ નં. ૪ નું બાકી)

***કરબલા અને તે બાદ .....***

કરબલાથી કૂફા અને કૂફાથી શામ સુધીની હર કદમ પર દુ:ખ-રંજિશ-સદમો દેતી સફરમાં પણ રાતના અંધારા આલમમાં હરમના લોગોની નિગેહબાની ઝૈનબ (અ.સ.) અંજામ દેતા. દમિશ્કના પુરખૌફ અંધારા કેદખાનામાં પણ ઝયનબ (અ.સ.) નો જ સહારો અહલેબૈત (અ.સ.) ને સબ્ર બંધાવતો હતો. આજે પણ કરબલામાં, કૂફામાં, દમિશ્કમાં, મિસિરમાં ઝયનબ (અ.સ.) ની ખિદમતની ગવાહી આપતી જગાઓ મૌજૂદ છે. આ જગાઓ પર આવતા જ આંખ માંથી આંસૂના સૈલાબ જારી થઈ જાય છે. ખરેખર, મૌલાતના ઝયનબ (અ.સ.) દીન અને દુનિયા બંનેમાં અઝીમુશ્શાન સૈયેદાહ-ખાતૂન છે. **બોલવા-ચાલવામાં, ફસાહત અને બલાગતમાં પોતાના વાલિદ સાહેબ અલીયુલ મુરતઝાના હૂબહૂ છે.** કુરઆને મજીદના ઊલૂમ-મઆની અને તફસીર પર આપનો કાબૂ મઝહરૂલ અજાઈબ જેમ રહ્યો છે.

દમિશ્કની મસ્જિદમાં એક મકામ **"મકામે ઝૈનુલ આબેદીન"** ના નામથી મશ્હૂર છે. જ્યાં ઉભા રહીને ઈમામ આલી મકામે હૈદરી જઝબા સાથે કરબલાના મઝાલિમ અને જાઁનિસારાને હુસૈન (અ.સ.) ની અઝીમ ફિદાગીરીનો બલીગ ખુત્બો ફરમાવો હતો.

ઈમામ હુસૈન (અ.સ.) ના રાસ મુબારકને કૂફીઓ કરબલાથી કૂફા લાવા હતાં પછી ત્યાંથી શામીઓ શામ લઈ ગયા હતા. એક દરાઝ મુદ્દત તક શામમાં બાબુલ ફરાદીસમાં મદફૂન રહ્યાં. આજે પણ શામમાં આપના રાસ મુબારકની ઝિયારત છે. તે બાદ શામથી એ રાસ મુબારક અસ્કલાન લાવવામાં આવા.

મિસિરથી ઈમામ તૈયેબ (અ.સ.) પડદે થયા બાદ હિ.સ. ૫૪૯ માં ઝાફિર મજીદના ઝમાનમાં એમ ડર રહેવા લાગો કે, અસ્કલાન પર નસરાનીઓ (ખ્રિસ્તીઓ) અગર હુમલો કરે અને તેઓ કબઝો કરી બેસે અને ઝિયારતો પર રોક લગાવી દે તો તેની બરકાતથી મેહરૂમ થઈ જવાય લેહાઝા ત્યાંથી રાસ મુબારક કેરો લાવવામાં આવા. ઈમામ મોઈઝ (અ.સ.) ની હવેલીના દરવાઝા (બાબુલ ઈલમ) માં રાસ મુબારકને દફન કરવામાં આવા, જેથી મહેલમાં આવનારા એ રાસ મુબારકની ઝિયારત કરી શકે. બાબુલ ઈલમની પાસે જ ઈમામ મોઈઝ (અ.સ.) અને આપના બુઝુર્ગ ઈમામોની કબર મુબારકો છે જે **કુબ્બએ ઝાઅફરાન** કહેવાય છે.

આશૂરાના દિન એ મશહદે હુસેનીમાં મજલિસ થતી, માતમ થતું. આજે પણ મિસિરના લોગો સૈયેદુશ્શોહદા (અ.સ.) ના રાસ મુબારકની ઝિયારત વાસ્તે આવે છે. મિસિરની ઝિયારતો વાસ્તે અપની કૌમના મુમેનીનને લાઝીમ છે કે, તેઓ હંમેશા અઈમ્મતે તાહેરીનની મસ્જિદોમાં નમાઝ અદા કરે અને ખાસ કરીને જામએ અન્વર અને જામએ અકમરમાં તો ખરૂં જ. બાઝુમાં જ આવેલ રાસુલ હુસૈનની ઝિયારત પણ કરે.

સૈયેદના ઈદરીસ (ક.રૂ.) આપના કિતાબ "ઊયૂનુલ અખબાર" માં ફરમાવે છે કે, ઈમામ મોઈઝ (અ.સ.) મસ્નદે ફાતેમી પર જલ્વાનુમા થયા અને કેરો શહેર આબાદ કીધું તે વક્ત સાથમાં આપે આપના આબાએ કિરામ મૌલાના મહેદી, મૌલાના કાઈમ અને મૌલાના મન્સૂર (અ.સ.) સઘલાના મુબારક તાબૂતોને કેરોમાં લાવી દફન કીધા. કેટલીક રિવાયતમાં છે કે, મસ્તૂરીન ઈમામો (જે સલમીયાહ, મિસ્યાફમાં મદફૂન છે) ના મુબારક તાબૂતોને પણ કેરો લાવવામાં આવા છે. ઝવ્વારોને લાઈક છે કે, મસ્તૂરીન ઈમામો અને મૌલાના મહેદી બિલ્લાહથી મૌલાના આમિર (અ.સ.) સુધી સઘલા ઈમામો (અ.સ.) ઉપર મશહદે હુસૈનની બાજુમાં સલવાત અને સલામ પઢે.

રાસુલ હુસૈનને નઝદીક જે કુબ્બએ ઝાઅફરાન હતો તેમાં ઈમામ મોઈઝ (અ.સ.) અને આપના અહલેબૈત (અ.સ.) ની કબર મુબારકો હતી. ઝમાનાના ઈન્કેલાબને લીધે અને દુશ્મનોના હુમલાઓના ઝુલ્મભરા ઝમાનામાં એ કુબ્બએ ઝાઅફરાન પાડી નાંખવામાં આવો અને અઈમ્મતે તાહેરીનની કબરોની નિશાનીઓ મીટાવી નાંખવામાં આવી. દોબારહ તવાબીતુલ અઈમ્મતને રાસુલ હુસૈનના કુબ્બાના નઝદીક લાવવામાં આવા. કુબ્બા મુબારક પર ઈમામ હુસૈન (અ.સ.) ની શાનમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસો તથા સૈયેદુશ્શોહદાએ કરબલામાં જે અબયાતો ફરમાવેલી તે લખવામાં આવેલી છે.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**તે જવાન અલ્લાહને પસંદ છે જેમાં નાદાની ન હોય.**

# સૂરતના દાઈએ અન્વર અને "અસ-સહીફતુલ અલવીયાહ" ની બુનિયાદ

**(ઉર્સ મુબારક : ૨૦ મોહર્રમ)**

- સૈયેદના નૂરૂદ્દીન નૂરભાઈ બિન સૈ. શૈખઅલી (ક.રૂ.) ૩૫ માં સિરાજુમ મુનીર, દાઈએ અન્વર અને સૈયેદે અઝહર છે. આપનો લકબ મુબારક નૂરૂદ્દીન, નામ મુબારક નૂરભાઈ છે. દોઆતે મુત્લકીનના સિલસિલામાં આપ જ એક વાહિદ સાહબ છે જે સૂરત શહેરમાં મદફૂન છે.
- આપની દાઅવતની મુદ્દતે મુનીરાહ ૧૯ વરસ ૧૦ મહીના અને ૨૪ દિનની છે. આપ મૌલા ઉપર સૈયેદના શેહાબુદ્દીન સાહબ (ક.રૂ.) એ નસ્સે જલી ફરમાવી અને ૧૪ સફર ૧૧૫૮ હિ. માં આપ તખ્તે તૈયેબી અને મસ્નદે હુસૈની પર જલ્વાનુમા થયા.
- સૈયદના મોઅય્યુદીન સાહબ અને સૈયેદના શેહાબુદ્દીન સાહબના ઝમાનએ મયમૂનમાં આપ સૂરતમાં મુમેનીનના મઝહબી-રૂહાની કામકાજને અંજામ આપતા હતા. આપે જે કદર દાઅવતે શરીફાહની ખિદમત કીધી, મુમેનીનને હિદાયત દીધી, ઈલ્મે અહલે બૈતની નેઅમત બખ્શી, ઔલિયાઉલ્લાહના અખ્લાક અને સીરત બતાવી એ હકીકતમાં બેમિસાલ-બેનઝીર છે.
- આપ મૌલાની ઝોહાદત, ઈલ્મીયત, રહેમદિલી અને તક્વા એ ઈન્તેહાના હતા કે મુમેનીન આપને જ દાઅવતના મુખ્તાર માનવા લાગી ગયા. લેહાઝા આપે આ બદખયાલી અને ગલતફહેમીને દૂર કરવાની બેહદ કોશિશ કીધી કે, **"અય મુમેનીન ! હું દાઅવતનો મુખ્તાર નથી, મારા મૌલા તો વડોદરામાં છે, હમારા રૂહાની વાલિદ તો સૈ. શેહાબુદ્દીન સાહબ છે."** આખિરમાં આ તમામ ચીઝ પર પડદો પાડવા આપ સૂરતના તમામ મુમેનીનને વડોદરા લઈ આવા જે વક્ત સૈ.દાઉદજી કુતુબશાહ (ક.રૂ.) ની શબે ઉર્સ હતી.
- સૈ. શેહાબુદ્દીન સાહબે તમામ મુમેનીનનો ઈસ્તિકબાલ કીધો. સૈ. નૂરૂદ્દીન સાહબને નઝદીક બેસાડા અને ખૂબ ઈઝઝત બખ્શી. સૈ.નૂરૂદ્દીન સાહબે મુમેનીનને ફરમાવું કે, "અય મારા અઝીઝ ભાઈઓ, આ સાહબ સૈ.શેહાબુદ્દીન સાહબ અપના મૌલા છે અને જાનો માલના માલિક છે." તે બાદ તમામે સૈ.શેહાબુદ્દીન સાહબના દસ્તે મુબારક પર મીસાક અરઝ કીધો અને આપના દાઈએ મુત્લકના રૂત્બાની માઅરેફત કીધી.
- આપ મૌલાની વફાદારી અને ઈતાઅતના આ જૌહરના સબબ અલ્લાહતઆલાએ આપને એ મુજબ સિલો-હદીયો પણ બખ્શો કે આપ દોઆતે મુત્લકીનની તસ્બીહના એક દુર્રે બેબહા-કીમતી મોતી બના. આપે આપના ફરઝંદે અરજુમંદ સૈયેદી શૈખ આદમ સાહબને પણ દાઅવતના હર ઈલ્મો ફનમાં તૈયાર કીધા. આપની દાઅવતના ઝમાનમાં વડોદરાના મુમેનીનના રૂહાની ઊમૂરને સૈ.હમીદુદ્દીન બિન સૈ.મોઅય્યુદુદ્દીન સાહબ અંજામ આપતા હતા અને સૂરતમાં આપને મુમેનીનના તમામ અખ્બારથી આગાહ કરતા હતા.
- સૈ.શેહાબુદ્દીન સાહબની આ વસીયત હતી કે, "અય નૂરૂદ્દીન સાહબ ! સૈ.મોઅય્યદુદ્દીન સાહબના ફરઝંદ હમીદુદ્દીન હમણા કમસિન-નાના છે, તમારા ઈન્તેકાલને નઝદીક તમેં એમને દાઅવતના હર ઊમૂર અને ઊસૂલમાં કામિલ, કાબિલ અને કાદિર જોવ **તો ઝરૂર તમેં સૈ.મોઅય્યદુદ્દીન સાહબની ઔલાદમાં દાઅવતની બરકતને જારી રાખજો.**" જે વક્ત સૈયેદના નૂરૂદ્દીન સાહબના ઈન્તેકાલનો વક્ત કરીબ થયો તો સૈ.હમીદુદ્દીન સાહબ સાથે તમામ રઈસો-ફોઝલાને વડોદરાથી બોલાવા અને વસીયત મુજબ આપ મૌલાએ સૈ.હમીદુદ્દીન પર નસ્સે જલી ફરમાવી અને દાઅવતે હક્કની અમાનતને સિપુર્દ કીધી.
- આપ મૌલા ૯ મોહર્રમના દિન ૧૧૭૮ હિ. માં સૂરતમાં વફાત થયા અને આ દારે ફાનીને ખૈરબાદ કહીને મલાઈકતે રૂહાનીયીનના દરજા પર ફાઇઝ થયા. સૈ.હમીદુદ્દીન સાહબ (ક.રૂ.) એ આપ મૌલાના જનાઝા પર નમાઝ પઢાવી અને સૂરતના મુમેનીનના તમામ રૂહાની ઊમૂરને અંજામ આપવાની ઝિમ્મેદારી આપ મૌલાના દિકરા સૈ. શૈખ આદમને સોંપી. સૈયેદી શૈખ આદમ સાહબની કબર આપના બાવાજી સાહબના રોઝએ નૂરાનીમાં જ આપની કબરને બરાબર બાઝુમાં છે. સૂરતમાં મુસાફિરખાનાના સહેનની જગામાં ઘણા

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**જે શખ્સને એની ખતા નારાઝ કરે તો એના ગુનાહ આપોઆપ મઆફ થઈ જાય છે.**

*(પેજ નં. ૬ નું બાકી)* ***સૂરતના દાઈએ અન્વર .....***

મુમેનીનની કબરો હતી જે ઝમાનાના ગુઝરવા સાથે ઝમીનમાં પોશીદા થઈ ગઈ અને અકસર મુમેનીન આહિસ્તા-આહિસ્તા એક-એક કરીને સૂરતને છોડીને સૈ.અલી (ક.રૂ.) નું વતને શરીફ વડોદરામાં આવી મુકીમ થઈ ગયા.

➻ આપ મૌલાએ દાઅવતના કિતાબોના ખઝાનામાં એક લાકીમત-બેમિસાલ તોહફો ઈનાયત કીધો છે, જે **"અસ-સહીફતુલ અલવીયાહ"** ની શિકલમાં છે. આપે એ તરહની મેહનત-કુનેહથી આ સહીફાને ખાસો આમ મુમેનીનને મદ્દેનઝર રાખીને તરતીબ આપેલો છે કે જેની ઈબ્તેદા બૈતુલ-ખલાની ૧૨ અદબથી થાય છે અને અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની મુનાજાત અને આપની હરરોઝની દોઆઓ પર ઈખ્તેતામ થાય છે. આપે લયલતુલ કદ્રની નમાઝની જે તરતીબ આપેલી છે તે ૨૫૦ વરસ બાદ પણ દાઅવતના તરીકામાં એની અસલી હાલતમાં જારી છે અને હર ઝમાનના દાઈ આ જ શાકેલત પર આજે મુમેનીનને નમાઝ પઢાવી રહ્યા છે જે આપના સહીફાની યાદને તાઝા કરે છે. બાઝ દોઆઓ જે આપ મૌલાએ આ સહીફામાં શામિલ કીધેલી છે એ હાલમાં પઢાઈમાં લેવાતી નથી પણ આપ મૌલાના ઝમાનમાં જે તર્ઝ પર દોઆઓ પઢાતી હતી અને મુમેનીનની ઝબાન પર જે મુનાજાત હતી તેના અખ્બાર માઅલૂમ પડે છે. ખુસૂસી તૌર પર આપના વકતમાં દાઅવતની ઝબાનના અલ્ફાઝ અને તરીકો ઘણો જ દિલચસ્પ છે અને આપને બાદ આવનારા દોઆતે કિરામે (રિ.અ.) અજબ એહતેમામથી આ નાદિર સહીફાની હિફાઝત કીધેલી છે. આપ મૌલાના આ તરતીબશુદા સહીફાની દોઆઓની બુનિયાદ પર જ આજે હમેં જે ગુજરાતી ઝબાનમાં **"અસ-સહીફતુલ અલવીયાહ"** નો ઈસ્તેમાલ કરીએ છીએ, તેની તરતીબ આપવામાં આવી છે. હમારા મૌલાનું હમારે પર આ સહીફાની શિકલમાં એક અઝીમ એહસાન છે, એક અઝીમ નેઅમત છે.

➻ આ સહીફા સાથે આપની એક બીજી યાદગાર કિતાબ પણ દાઅવતના ખઝાનામાં મૌજૂદ છે. તેનું નામ **"હિસાબુલ મીરાસ"** છે જેમાં આપ મૌલાએ કુરઆને કરીમમાંથી વિરાસતને લગતી આયતોને બયાન કરીને મુમેનીનને પોતાની વિરાસતને શરીઅતના કાયદા-કાનૂન મુજબ કેમ તકસીમ કરવી એનો મુકમ્મલ હિસાબ બયાન ફરમાવેલો છે. જે વકત મુમેનીન વિરાસતના મસાઈલ લઈને સૈ.ફખરૂદ્દીન સાહબ યા સૈ.બદરૂદ્દીન સાહબ નઝદીક આવતા તો **આપ સાહબ મુકદ્દસ મૌલા સૈ.નૂરૂદ્દીન સાહબની આ કિતાબનો ખૈર ઇસ્તેમાલ કરી**, હિદાયત લઈ મુમેનીનના મસઅલાઓને હલ કરતા હતા અને તેમને તશફ્ફી બખ્શી તસલ્લી કુન જવાબ આપતા હતા. આજે દાઅવતના કુતુબખાનામાં એ તમામ કાગઝાત મૌજૂદ છે જેમાં સૈયેદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના દસ્તખત સાથે, શાહિદોના નામો સાથે મુમેનીનની વિરાસતનો હિસાબ લખવામાં આવેલો છે. જે વકત કોઈ ઘરના રઈસ-મોટા સાહબનો ઈન્તેકાલ કરીબ થાતો તો એમના ઘરવાલા સૈયેદના સાહબને ઘરમાં પધારવા વાસ્તે અરઝ કરતા. પછી સૈયેદના સાહબ ઘરના બધા લોગો દરમિયાન પૂરો હિસાબ કરીને વિરાસત તકસીમ કરતા અને એને એક કાગઝ ઉપર દરજ કરીને બધાના દસ્તખત લેતા. આ બેવે કિતાબોની આપની કિતાબત-લખાણ માંથી આપની સીરતો સૂરત જેમ આપના હુરૂફ માંથી નૂરાનીયત અને તેજ-રોશની ઝલકે છે અને તેને પર નઝર કરવાથી એક લાબયાન સુકૂન દિલને હાસિલ થાય છે. ★

## તૌકીરે મજલિસ

***ઈમાન કી તન્વીર હે, શબ્બીર કી મજલિસ. ઈસ્લામ કી તૌકીર હે, શબ્બીર કી મજલિસ.***
***ઝૈનબ કા મુદ્દોઆ હે તો ઝહરા કી હે દોઆ. આબિદ કી યે તદબીર હે, શબ્બીર કી મજલિસ.***
***ઈસ્લામ કે ઊસૂલોં કા એક મદ્રસા હે યે. દુશ્મન કે લીયે તીર હે, શબ્બીર કી મજલિસ.***
***કિતને હી ગમ ઉઠા ચુકી ઈતરત રસૂલ કી. ઉસ ગમ કી યે તસ્વીર હે, શબ્બીર કી મજલિસ.***
***ઈમાઁ કી કસૌટી હૈ તો યે ગમ કી દવા હે. મુમિન કી યે તદબીર હે, શબ્બીર કી મજલિસ.***
***દરબારે "હુસૈની" મેં હે, "તૈયેબ" કી હાઝરી. સબ કે લીયે ઈકસીર હે, શબ્બીર કી મજલિસ.***
***"અલવી" રચાઈ આલે અબાને જિસે સદા. વો નાઅરએ તકબીર હે, શબ્બીર કી મજલિસ. ★***

**જે શખ્સ ખુદના માલને ઉચકી લે તો સમઝી લેવું કે એ તકબ્બુરીથી દૂર છે.**

## -::: સૈ. હાતિમની કલમ અને અલવી ઈલ્મ :::- કિસ્ત-૧

**(ઉર્સ મુબારક : ૧૯ મોહર્રમ)**

ઈસ્માઈલી તૈયબી યમની દોઆતે મુત્લકીનના સિલસિલાના તીસરા દાઈએ મુત્લક સૈયદના હાતિમ મોહીયુદ્દીન (ક.રૂ.) આપના મશહૂર કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયાહ" માં ફરમાવે છે કે, "એક દિન અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) પાસે કેટલાક યહૂદી આલિમો આવા. એમાં અબ્દુલ્લાહ બિન સલામ નામના સરદાર હતા. તમામે સલામો ઈકરામ અરઝ કીધા તો આપે (અ.સ.) ફરમાવું કે, "અસ્સલામો મિનલ્લાહે અલલ મુમેનીન," અલ્લાહતઆલાનો સલામ તમામ મુમેનીન પર, અય બની ઈસ્રાઈલના સાહબો! બોલો તમારી શું હાજત છે ? તેઓએ અરઝ કીધી કે, અય અબલ હસન ! હમેં આપને ચંદ સવાલો કરવા ચાહીએ છીએ, અગર આપ હમને સહી જવાબ આપશો તો હમેં જાણીશું કે, આપ હક્ક પર છો અને હમેં બાતિલ પર છીએ અને અગર આપ હમને જવાબ નહીં આપો, તો હમેં સમઝીશું કે આપનો મઝહબ ખોટો છે અને હમેં હક્ક પર છીએ.

અમીરૂલ મુમેનીને (અ.સ.) ફરમાવું કે, તમેં ચાહો તે સવાલ કરી શકો છો. અબ્દુલ્લાહ બિન સલામે અરઝ કીધી કે, આપ હમને બતાવો કે,

(૧) આસ્માન અને ઝમીન કરતા કઈ ચીઝ અઝીમ અને ઊંચી છે ?
(૨) દરિયા કરતા કઈ ચીઝ ઝિયાદહ ગની અને કુશાદા છે ?
(૩) પત્થર કરતા કઈ ચીઝ ઝિયાદહ સખ્ત છે ?
(૪) આગ કરતા કઈ ચીઝ ઝિયાદહ ગરમ છે ?
(૫) હવા કરતા કઈ ચીઝ ઝિયાદહ તૈઝ ચાલનારી છે ?
(૬) તે કઈ ચીઝ છે જે અલ્લાહ વાસ્તે નથી પણ બંદા વાસ્તે છે ?
(૭) તે કઈ ચીઝ છે જે અલ્લાહ વાસ્તે છે પણ બંદા વાસ્તે નથી ?
(૮) તે કઈ ચીઝ છે જેને બંદો જોઈ શકે છે પણ અલ્લાહ જોતો નથી ?
(૯) તે કઈ ચીઝ છે જેને અલ્લાહ જોઈ શકે છે પણ બંદો જોઈ શકતો નથી ?
(૧૦) તે કઈ ચીઝ છે જેને અલ્લાહે જ પૈદા કીધી અને એની જ બાબત સવાલ પણ કીધો ?

આ સવાલોના જવાબમાં અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) એ જવાબમાં ફરમાવું કે,

(૧) આસ્માન અને ઝમીન કરતા ઝિયાદહ મોટી અને અઝીમ ચીઝ કોઈ બેગુનાહ શખ્સ પર **બોહતાન અને ઇલ્ઝામ** લગાવવું છે. જે શખ્સ બીજા પર ઈલ્ઝામ લગાવે કે જેમાં તે જાણતો જ ન હોય તો એ ગુનાહે અઝીમ છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, "તમેં તે બોહતાનને હલકું અને માઅમૂલી સમઝો છો, મગર એ તો અલ્લાહને નઝદીક મોટી બલા છે."

(૨) દરિયા કરતા ઝિયાદહ ગની અને કુશાદા **મુમિનનું દિલ** છે જે કનાઅત-પસંદ હોય છે. જે કઈ મીલે તે પર રાઝી રહેનારૂં હોય છે અને થોડી ચીઝ પર પણ ખુશ થાનારૂં હોય છે.

(૩) પત્થર કરતા ઝિયાદહ સખ્ત તે મુમિનનું દિલ છે જે **અલ્લાહની નાફરમાની**ની રાહ ઈખ્તિયાર કરે, કુફ્ર કરે. આ જવાબ પર અબ્દુલ્લાહે પૂછું કે, શું મુમિનનું દિલ પણ કાફિર હોય શકે ? આપે ફરમાવું કે, આ તરહનો શખ્સ એ છે જે ફક્ત ઝબાનથી ઈમાન લાવો હોય મગર દિલથી તો તે કાફિર જ હોય. એ કોઈ વક્ત શુક્રના કલામ ન બોલે, કોઈ ખૈર ચીઝનો એને સવાલ થાય તો ઈન્કાર કરી દે અને કોઈ ચીઝ એને આપવામાં આવે તો એને હલકી સમઝી હઁસી કાઢે.

(૪) આગ કરતા ઝિયાદહ ગરમ તે દુનિયાદાર **લાલચી શખ્સની લાલચ** છે. આ લાલચ અને હિરસના સબબ એ શખ્સ ન કોઈ ચીઝ હાસિલ કરી શકે છે, ન બીજાને કોઈ ચીઝ આપી શકે છે.

(૫) હવા કરતા ઝિયાદહ તૈઝ રફતાર **મઝલૂમ શખ્સની દોઆ** છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, "હું મઝલૂમ શખ્સથી ઘણો કરીબ છું, દોઆ કરનારની દોઆનો જવાબ આપું છું."

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**અલ્લાહના કઝા-કદર પર ઈમાન લાવવું હમ-ગમને દૂર કરે છે.**

## -::: બાબજી મૌલા સૈયેદી ફખરૂદ્દીન શહીદ બિન તારમલ (રિ.અ.) :::-

**(ઉર્સ મુબારક : ૨૭ મોહર્રમ)**

અહલે તારીખ રિવાયત બયાન કરે છે કે, મૌલાઇ અહમદ, મૌલાઇ અબ્દુલ્લાહ અને મૌલાઇ નૂરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની મૌલાના મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના ફરમાન પર હિન્દુસ્તાનમાં દાઅવતે ફાતેમીયાહની બુનિયાદ નાંખવાની અઝીમ ખિદમત બાદ બાદશાહ સિધ્ધરાજ જયસિંહ (ભારમલ) ના દિકરા મૌલાઇ યાઅકૂબએ આપના કાકાજી તારમલના ફરઝંદે બાકમાલ મૌલાઇ ફખરૂદ્દીનને વાગર ઈલાકામાં દાઅવતને કાઈમ કરવા વાસ્તે મોકલા. મૌલાઇ ફખરૂદ્દીન સાહબે વાગરમાં પૂરી હિંમત અને હોંસલા સાથે દાઅવતની બરકતના ચશમાઓને જારી કીધા. વાગરની બંજર ઝમીનમાં દીને હક્કને ઝિંદગી બખ્શી. ખુદાના ખાલિસ બંદાઓની હિદાયત વાસ્તે આપ વાગરના ગામે ગામ ફીરતા રહ્યા અને ખુદાની તૌહીદ તરફ બંદાઓને દાઅવત કરતા રહ્યા. આપ મૌલાઇ એક આબાદીથી બીજી આબાદી તરફ સફર કરતા અને મુમેનીનના હાલાતથી આપ ખબરગીર થાતા અને ઝિંદગી બસર કરવાના સહી તરીકાને બતાવતા અને નફસોને તૈયાર કરતા. **આપે ૨૬ મોહર્રમના દિન સાગવારા થી ગલીયાકોટનો ઇરાદો કીધો.** રસ્તો ઘણો ખૌફનાક અને ખતરાવાલો હતો, લુંટારાઓએ આપનો રસ્તો રોકો, મુકાબિલ થયા, ઘેરો નાંખીને હમલો કીધો અને આપના સાથીદારો પણ તે હમલાનો શિકાર બના.

આપ અને આપના સાથીદારો પણ મરદે મુજાહિદ, મરદે શુજાઅ અને મરદે આહન હતા. એક શેરે બબર મુજબ આપે બહાદુરી સાથે હમલાનો મુકાબલો કીધો. આપના યાવરો, નાસિરો અને ખિદમતગુઝારો એ પોતાની જાનની પરવાહ કીધા બગૈર દુશ્મનો સાથે ખૂબ જંગ કીધી. અસરના વક્ત બાદ સઘલાના દરમિયાન તીરો તબર અને તલવારોથી લડાઇ થઇ. બેવે જાનિબના ઘણા શખ્સો કત્લ થાવાથી તે જગાની ઝમીન ખૂનથી રંગાઇ ગઇ. લડાઈનો એ અંજામ આવો કે આપ મૌલાઇના અકસર મદદગારો દુશ્મનોના તહે તૈગ થાવાથી, શહીદ થાવાથી આપ ઉપર અઝીમ મુસીબત અને મોટી બલા નાઝિલ થઇ. મૌલાઇ ફખરૂદ્દીન સાહબે નમાઝે મગરિબ જંગની હાલતમાં અદા કીધી, તીર અને ભાલાની બારિશ વરસી રહી હતી અને આ હાલતમાં પણ હમારા વલીયુલ્લાહ મૌલાઇએ નમાઝને જારી રાખી. **દુશ્મનોએ જે વક્ત આપને નમાઝની હાલતમાં જોયા તો આપ ઉપર જાનલેવા હમલો કીધો અને આપને તલવારે નાપાકથી ઝખ્મી કીધા.** આ જ હાલતમાં આપ જંગલમાં તને તન્હા ગુરબતના આલમમાં ખુદાની રાહમાં દાઅવતના નિશાનને બલંદ કરતા હુઆ મગરિબની નમાઝ બાદ શહીદ થયા. આપને સાથે આપના ઘણા અસ્હાબ શહાદતના સવાબે અઝીમ પાયા.

આ અલમનાક અને વહેશતનાક ખબર જે વક્ત ગલીયાકોટમાં પહોંચી તો મુમેનીન પર મુસીબત અને રંજોગમના પહાડો તુટી પડા. બધા મુમેનીન ફૌરન દોડતા દોડતા મૌલાઇની મદદ પર આવા તો વલીએ ખુદા જામે શહાદત પાઇ ચુકા હતા. સઘલાએ આપ મૌલાના કફન-દફન (તજહીઝો-તકફીન) ની તૈયારી કીધી અને ગલીયાકોટથી થોડા ફાસલા પર એક તાલાબને નઝદીક જયાં આપ શહીદ થયા હતા ત્યાં જ આપને દફન કીધા. માહે મોહર્રમુલ હરામની ૨૭ મી તારીખે આફતાબે હિદાયત, ખુરશૈદે દાઅવત કબરમાં મદફૂન થયા. દુશ્મનોએ આપ મૌલાને જે તરીકાથી શહીદ કીધા અને જે ભારી મુસીબત આપે ઉઠાવી તે સબબ મુમેનીનના જિગર ફાટી ગયા, દિલ મલૂલ અને મહઝૂન થઇ ગયા. અહલે ઈમાનના દિલોમાં આપની શહાદતથી આહો-બુકાના શોઅલા ભડકી ઉઠા. તે સઘલાના સીનામાં ગમો અંદોહના દરીયા ઉભરી ગયા. **વાગરનો ઇલાકો રહેબરે દીની અને હાદીએ હકીકીથી ખાલી થઇ ગયો.** દાઅવતે હાદીયાહના ઈમાનના કિયારાઓ જે હિદાયતના આબે હયાતથી સરસબ્ઝ, શાદાબ અને લીલા હતા તે ખુશ્ક થઇ ગયા, સુકાઇ ગયા. લેકિન ઝહે કિસ્મત ! વાગરના મુમેનીનના કે આ વલીએ કામિલ, સાહબે ફાઝિલના મઝારે અકદસના નૂરે કુદસાની, ફૈઝે રહેમાનીના સબબ સઘલાની બલા, તકલીફો, મહેનતો અને ઝુલમતો દૂર થઇ ગઇ. આપ મૌલાની કબરે મુનવ્વરની બરકાતના સબબ તા-કયામત વાગર-ગલીયાકોટની ઝમીન રૌશન અને પુરનૂર થઇ ગઇ.

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**નમાઝ હરએક મુત્તકી શખ્સની કુરબાની છે.**

## -::: હુસૈની મહીનો :::-

ફિર આ ગયા અઝા કા મહીના, હુસૈનીયો, માતમ કરો શહીદે જફા કા, હુસૈનીયો.
ફિર ખાક ઉડાઓ ચાક ગરેબાઁ કરો ઉઠો, ફિર રોઓ કેહકે હાય હુસૈના, હુસૈનીયો.
યે દિન વો હે કે તિશ્ના કિનારે ફુરાત કે, મારા ગયા ઈમામ હમારા, હુસૈનીયો.
ક્યા સબ્ર થા હુસૈન કા સેહતે થે ગમ પે ગમ, અઠારા દાગ એક કલેજા, હુસૈનીયો.
કરબલમેં હાય જૌરો જફાએ યઝીદ સે, મારા ગયા નબી કા નવાસા, હુસૈનીયો.
કાતિલ ઈમામ કા થા મુસલમાન હૈ ગઝબ, સજદે મેં સર હુસૈન કા કાટા, હુસૈનીયો.
સર દે કે સર કિયા હે બલંદ અપને દીનકા, કરબલ કી તપતી રેત પે લાશા, હુસૈનીયો.
વાઅઝ મેં આઓ, પંદો નસીહતસે ફૈઝ લો, હે આખેરત કા રાહે વસીલા, હુસૈનીયો.
ઉમ્રે દરાઝ માંગતે હૈ અપને “ દાઈ ” કી, “ અલવી ” કી યે દોઆ હે ખુદારા, હુસૈનીયો. ★

*(પેજ નં. ૮ નું બાકી)* ***સૈ.હાતિમ .....***

(૬) તે ચીઝ જે બંદા વાસ્તે છે અને અલ્લાહ વાસ્તે નથી, તે **બંદાના આઅમાલ** છે. બંદાના નૈક અમલ તેને જન્નતી બનાવશે અને બદ અમલ તેને જહન્નમમાં દાખિલ કરશે. જે શખ્સ ભલાઈ કરશે તો એના નફસ વાસ્તે બેહતર છે અને જો બુરાઈને અપનાવશે તો એના નફસ વાસ્તે મુસીબત છે.

(૭) તે ચીઝ જે અલ્લાહ વાસ્તે છે અને બંદા વાસ્તે નથી, તે **બંદાની રૂહ** છે. રૂહ અલ્લાહ તરફથી આવે છે અને પાછી એના તરફ જ રૂજૂઅ થાય છે. બંદો અલ્લાહનો ગુલામ છે અને અલ્લાહ તેના મૌલા છે, માલિક છે.

(૮) તે ચીઝ જે બંદો જોઈ છે અને અલ્લાહ નથી જોતો તે **કાફિર અને એનો અમલ** છે. એનો રસ્તો જહન્નમ તરફ છે. એવા કાફિર સાથે અલ્લાહ કલામ કરતો નથી અને એની તરફ નઝર કરતો નથી.

(૯) તે ચીઝ જે અલ્લાહ જોઈ છે અને બંદો જોતો નથી તે **મુમિન અને એનો અમલ** છે. એનો રસ્તો જન્નત તરફ છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, કયામતના દિન હમેં તે લોગોને નજાત બખ્શીશું જેઓના દિલમાં મારો ખૌફ હશે અને તકવાના લિબાસમાં હશે અને ઝાલિમ લોગોને હમેં ભારી અઝાબમાં ગિરફતાર કરીશું.

(૧૦) તે ચીઝ જેને અલ્લાહે પૈદા કીધી અને એનો સવાલ કીધો, એ **મૂસા નબી (અ.સ.) ની અસા** યાઅની લાકડી છે. અલ્લાહતઆલાએ મૂસાને સવાલ કીધો કે, અય મૂસા ! તમારા જમણા હાથમાં છે તે શું છે ? મૂસા (અ.સ.) એ અરઝ કીધી કે, તે મારી અસા છે. તે પર હું ટેકો દઈને ઉભો રહું છું અને તેથી હું મારા બકરાઓને હાંકુ છું. ★

*(પેજ નં. ૯ નું બાકી)* ***બાબજી મૌલા સૈયદી ફખરૂદ્દીન શહીદ બિન તારમલ (રિ.અ.).....***

**મોઅજિઝો :-**

આપ મૌલાઈના બેશુમાર મોઅજિઝા અને એજાઝો કરામાત છે તેમાંથી હમેં યહાં એક મુખ્તસર મોઅજિઝો બયાન કરીએ છીએ જેના સબબ મુમેનીનનો આપ મૌલા પર એઅતેમાદ-તકીયો ઔર ઝિયાદહ પુખ્તા થાય.

અખ્બારવાલા આપની સિફતો સનાની ઝિક્રમાં બયાન કરે છે કે, વાગરના રાજાએ ગલીયાકોટ ઉપર ચઢાઈ કીધી અને મૌલાઈ ફખરૂદ્દીન શહીદ (રિ.અ.) ની કબરે મુબારકના કીમતી ગિલાફો લુટા, તેની બેઅદબી અને બેહુરમતી કીધી અને સઘલા પાકીઝા ગિલાફોથી ઘોડા વાસ્તે ઝીન, બેઠક અને બીછાના વનાવા. પણ કુદરતને વલીયુલ્લાહના ગિલાફોની બેહુરમતી કહાઁ મંઝૂર હતી ? કોઈ પણ ઘોડા પર તે ગિલાફોથી બનેલી ઝીન યા બીછાના મુકા નહીં કે ફૌરન તે જ વક્ત તે ઘોડા હલાક થયા, મરી ગયા. આમ એક-એક કરતા ઘણા ઘોડા હલાક થયા. આ મુજબના એજાઝે ફખરીને જોઈને રાજાએ ફૌરન તૌબા કીધી. રાજા અને તેનું લશ્કર વલીયુલ્લાહની કબરે મુકદસના નઝદીક આવું અને ગિલાફની બેઅદબીની ખતા વાસ્તે મઆફી માંગી. જે ગિલાફોને ફાડી નાખા હતા તેને દોબારહ નવેસરથી બનાવા અને એ સિવાય પણ બીજા ઘણા કીમતી ગિલાફોને કબરે પાક પર ચઢાવા અને ઝવ્વારોની સુહૂલત વાસ્તે કબરને નઝદીક ઉતારા અને જમનનો આઅલામાં આઅલા બંદોબસ્ત કરી આપો. ★

**સલામ બોલવું આદાબે ઈસ્લામનું માથું છે.**

## -::: મગજનો મુરબ્બો :::-

નાઝેરીનથી હમારો ઈલ્તેમાસ છે કે, નીચે આપેલી તરકીબ (ક્રોસવર્ડ)"મગજનો મુરબ્બો" ને સહી તૌર પર પૂરો કરી તેને **પોસ્ટ કાર્ડ** પર લખી યા **રૂબરૂ** આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેઓના જવાબો સહી હશે તેમનો ડ્રો ૨૦મી તારીખ પછી કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તેને હમેં આવતા શુમારામાં ઝાહિર કરીશું અને હદીયાથી નવાઝીશું. આ સાથે હમેં સહી જવાબો પણ કારેઈનને બતાવીશું. પોસ્ટકાર્ડ લખનાર પર લાઝિમ છે કે તે પોતાનું નામ, સરનામું અને ફોન નંબર સાફ હુરૂફમાં લખીને મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને હદીયાને પામવાની રેસમાં તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો :

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ |
| | ■ | ૪ | | ૫ |
| ૬ | ૭ | | ■ | |
| ■ | | ■ | ૮ | |
| ૯ | | | | ■ |
| ૧૦ | | ■ | ૧૧ | |

**ઊભી તરકીબ :**

(૧) અદબ, લેહાઝ. (૩)
(૨) રીત, રિવાજ. (૩)
(૩) જિસ્મ, બદન. (૨)
(૫) ઈમામ તૈયેબ (અ.સ.) ના બાવાજી. (૩)
(૭) દિકરા-દિકરીની સુન્નતે ઈબ્રાહીમ મુજબ ----- કરાવવી ફરઝ છે.(૪)
(૮) ----- માં નમાઝ કસર પઢાય છે. (૩)
(૯) તકલીફ. (૨)

**➡ ગયા શુમારાની તરકીબનો ખુલાસો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક | દ | મ | બો | સી | ■ |
| ર | ફ | તા | ર | ■ | ઈ |
| મ | ત | ■ | યા | સી | ન |
| બ | ર | ફ | ■ | ના | કે |
| ખ | ■ | લ | બ | ■ | લા |
| શી | ર | ■ | કા | ઝિ | બ |

**આડી તરકીબ :**

(૧) પાકી, ચોખ્ખાઈ. (૪)
(૪) યમનનું પાટનગર. (૩)
(૬) વક્ત એક એવું મરહમ છે જે ગેહરામાં ગેહરા ---- ને ભરી દે છે. (૩)
(૮) ઈમામ હુસૈન (અ.સ.) નું ----- મુબારક ભાલા ઉપર રફઅ કરવામાં આવું. (૨)
(૯) અદલ, ન્યાય. (૪)
(૧૦) હર કામ પોતાની ----- થી કરવું જોઈએ. (૨)
(૧૧) અપનું દીન ----- નું દીન છે. (૨)

*(પેજ નં. ૫ નું બાકી)*　　***કરબલા અને તે બાદ .....***

તારીખ ઉપર નઝર કરીએ તો એક રોશન હકીકત એ સામે આવે છે કે, અપના હક્કના ઈમામો યા દોઆતો પર પોતાની હયાતીમાં તો દુશ્મનોએ બેહિસાબ ઝુલ્મ કીધા મગર આપના ઈન્તેકાલ બાદ પણ દુશ્મનીની આગ ઠંડી ન થઈ અને એ આગ આપની કબ્રો ઉપર ઝુલ્મ કરીને ઓકવામાં આવે છે. પછી તે સૈયેદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) ની કબર હોય યા મિસિરમાં ઈમામોની કબરો હોય યા યમનમાં દોઆતની કબરો હોય યા જન્નતુલ બકીઅમાં મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) ની કબર હોય, તમામ પર ઝુલ્મ થયો છે. હિ. ૧૪૧૭ માં અહમદાબાદમાં હિન્દના શહીદે આઅઝ સૈ.અલી શમ્સુદીન (ક.રૂ.) અને આપના કાકાજી સૈ.ઝકીયુદીન સાહબ (ક.રૂ.) ની કબરો પર પણ દુશ્મનોએ એ જ તરહનો ઝુલ્મ કીધો છે. પણ આવા સદમાઓથી હક્કનું નૂર કોઈ વકત બુઝાતું નથી, તે હર ઝુલ્મ બાદ ઔર તાબિંદાહ અને રોશન થાય છે. ★

**❋ જે શખ્સ વધારે પડતી વાતો કરે તો તેનાથી ભૂલચૂક વધારે થાય અને શરમ ઓછી થાય. જેની શરમ કમ થાય તો તેનો ઝોહદ કમ થાય. ઝોહદ કમ થાય તો તેનું દિલ મરી જાય અને જેનું દિલ મરી જાય તો તે જહન્નમમાં પહોંચી જાય.**

**❋ ઈન્સાન પોતાના હર સાંસની સાથે સાથે મૌતને કરીબ થાતો જાય છે.**

**અલ્લાહતઆલા એવી જગાથી બંદાને રિઝક આપે છે જેનું તેને ગુમાન પણ નથી હોતું.**

## -::: એઈડસ - AIDS એક ખતરનાક બિમારી :::-

એઇડસ - AIDS નું નામ આવે એટલે દિલ ધ્રુજી ઉઠે, જિસ્મમાં કંપારી છુટે અને રૂંવાંટા ઉભા થઇ જાય. આ જાનલેવા બિમારીએ આજે મુજબ બરબાદી અને બેહાલી ફેલાવી છે તે શાયદ જ કોઇ બીજી બિમારીથી થઇ હોય. હજી આ મુઝમિન બિમારીની ચપેટમાં દિવસે દિવસે વધારેને વધારે લોગો ફસાતા જાય છે. AIDS યાઅની **Acquired Immuno Deficiency Syndrome**, જે HIV વાયરસના સબબ થાય છે અને જેના હોવાથી જિસ્મ ઉપર થાતા મુખ્તલિફ બિમારીઓના હમ્લાને રોકતા WBC ઓછા થાતા જાય છે, લેહાઝા ઇન્સાનની રોગપ્રતિકારક શક્તિ (કુવતે દેફાઅ) ઓછી થાતી જાય છે. આમ થાવાથી જિસ્મમાં કોઇ પણ બીમારીનું ઇન્ફેકશન જલ્દી ફેલાય છે અને તેમાંથી જલ્દી શિફા હાસિલ કરવી દુશ્વાર બની જાય છે. HIV વાઇરસ જેમ જેમ જિસ્મમાં વધતો જાય, તેમ તેમ ઇન્સાન કમ્ઝોર પડતો જાય છે અને **આખિરકાર આ જ બલા ના હિસાબે એ મૌતના મૂઁહમાં ધકેલાય જાય છે.**

### આખિરકાર આ જ બલા ના હિસાબે એ મૌતના મૂઁહમાં ધકેલાય જાય છે.

આ જાનલેવા બિમારી થાવાના સબબો ઘણા છે. એવા સાથે ગૈરએહતેયાતી (Unprotected) જિસ્માની-જિન્સી તઅલ્લુકાત બાંધવાથી આ બિમારી થઇ શકે જેને એઇડસ હોય, HIV વાલું ખૂન ચઢાવવાથી અને એઇડસવાલા બિમારને આપેલા ઇન્જેકશનની સીરીંજ વાપરવાથી પણ એઇડસ થઇ શકે છે. આ માંથી આજે ગૈરજાઇઝ ગૈરએહતેયાતી જિસ્માની તઅલ્લુક બાંધવાથી વધારેમાં વધારે એઇડસ ફેલાય રહ્યો છે. હિન્દુસ્તાનમાં તો આ બિમારી કુદકેને ભુસકે વધી રહી છે, જો હુકૂમત AIDS ને રોકવા વાસ્તે કોઇ સંગીન પગલા નહી લે તો એ વકત દૂર નથી કે દુનિયામાં સૌથી વધારે એઇડસના દર્દીઓ હિન્દુસ્તાનમાં હશે. હમેં અલ્લાહતઆલાની રેહમતની પનાહ ચાહીએ કે, તે હમને મરદ-બૈરોના નાજાઇઝ તઅલ્લુકાતથી બચાવે, ઝિનાના ગુનાહે અઝીમથી હમને મહફૂઝ રાખે અને આ રાક્ષસી બિમારીના પંજાથી મુમેનીનને સલામત રાખે.

૧૪ માં ફાતેમી સરતાજ ઇમામ મોઇઝ લેદીનિલ્લાહ (અ.સ.) ૩૫૭ હિ. માં પોતાના કલામે મુફીદમાં કિતામા કબીલાના સિપાહસાલારો અને સરદારોને મુખાતિબ થઇને ફરમાવે છે કે, "**તમેં તમારા બૈરોને વફાદાર રહેજો, ઝિયાદહ બૈરો તરફ ઇલ્તેફાત ન કરજો, નઝર ન કરજો.** તમારા બૈરો તમારા વાસ્તે કાફી છે, ગૈરના બૈરો તરફ રગબત ન કરજો. નહીં તો તમારી ઐશો ઇશરત-ઝિંદગી કડવી અને ગંદી થઇ જાશે અને આ ઝિલ્લતવાલી ઝિંદગીથી તમને મઝર્રત-તકલીફ પહોંચશે. તમારા જિસ્મો લાગિર અને કમ્ઝોર થઇ જાશે, તમારી તાકત ચાલી જાશે, તમારી તબીઅતો ઝઇફ-ખોખલી થઇ જાશે, બસ એક મરદને એક બૈરો કાફી છે." આ કલામથી વાઝેહ થાય છે કે, અંદાઝન ૧૦૫૦ વરસ પહેલા અપના મૌલા ઇમામે આલે મોહંમદે (સ.અ.વ.વ) એઇડસની પૈશગોઇ કરી દીધી હતી કે, ગૈરજાઇઝ જિસ્માની તઅલ્લુકાતથી કઇ રીતે તમારા બદનો અને તબીઅતો બદલાઇ જાશે, તમેં ઝઇફ-કમ્ઝોર થઇ જાશો. આજે અપના મૌલા ના કલામ સાચા પડી રહ્યા છે અને હમેં ખુશનસીબ છે કે, હમને આપ મૌલાનું દામને તૈયેબ નસીબ થયું છે અને આપના કલામની બુનિયાદ પર જ હમેં હમારી ઝિંદગીને તાઅમીર કરી રહ્યા છીએ.

### તમેં તમારા બૈરોને વફાદાર રહેજો, ઝિયાદહ બૈરો તરફ ઇલ્તેફાત ન કરજો, નઝર ન કરજો.

આ તો થઇ એવા એઇડસની વાત કે જે જિસ્મને ખાઇ જાય છે. હવે અપને છેડીએ તે એઇડસની ઝિક્ર કે જે સહીહો સાલિમ ઇન્સાનમાંથી ઇમાનની રૂહ ખાઇ જાય છે. આ એઇડસ કોઇ લેબોરેટરીના રીપોર્ટથી માઅલૂમ નથી થાતો મગર દાઅવતની મોહબ્બતની રૂહાની લેબોરેટરીમાં માઅલૂમ થાય છે. આ એઇડસનું નામ છે. **Acquired 'Imaan' Deficiency Syndrome** જે દાઇઝઝમાનની અદાવતના વાયરસના સબબ ફેલાય છે. મુમિનનો પોતાના દાઇ સાથેનો રિશ્તો-રાબેતો, તે મોહબ્બત, ઇખ્લાસ અને મીસાક પર દારોમદાર-આધાર રાખે છે. જે મુમિન આ પાકીઝા રૂહાની રિશ્તાને બરાબર સાચવે, નિભાવે, મઝબૂત રાખે, બિલકુલ વફાદાર રહે તો એની ઇમાનની રૂહ સલામત અને ઝિંદા રહે છે. એ શખ્સને રૂહાની લેહાઝથી તંદુરસ્ત અને સેહતમંદ કહી શકાય છે.

*(બકીયાહ પેજ નં. ૧૩ પર)*

### સંતોષ-કનાઅત એક એવો માલ છે જે ખુટે જ નહીં.

(પેજ નં. ૧૨ નું બાકી) **એઈડસ.........**

જે શખ્સ પોતાના હાદી-દાઈ સાથેના રિશ્તામાં બેવફાઈ, ગદ્દારી અને ફરૈબ કરે છે એને રૂહાની એઈડસની બિમારી લાગુ પડી જાય છે. આ એઈડસ, જિસ્માની એઈડસ કરતા વધારે કાતિલ અને ખતરનાક હોય છે, જેને વાસ્તે અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"તેઓના દિલોમાં (નિફાકનું) મરઝ છે અને તે મુનાફિકોના મરઝમાં અલ્લાહ ઔર વધારો કરશે, તેઓ વાસ્તે સખ્ત અઝાબ છે."** આ નિફાક (દરજાના સાહબ વાસ્તે કીનો-દુશ્મની) એ હદ તક ફેલાય જાય છે કે, તે એ શખ્સમાંથી ઈમાન અને શરમને કાઢીને ફેંકી દે છે અને એને અંદરથી ખોખલો કરી નાખે છે. પછી એને હિદાયત અને સાચી સલાહ કઇ કામ લાગતી નથી. એના ઈમાનની રૂહ કમ્ઝોર થઈને મરી પરવડે છે અને આ એઈડસ એની ઈમામુઝઝમાન (અ.સ.) તરફની મોહબ્બતનો જનાઝો કાઢવાનો બંદોબસ્ત કરી આપે છે.

**" તેઓના દિલોમાં (નિફાકનું) મરઝ છે અને તે મુનાફિકોના મરઝમાં અલ્લાહ ઔર વધારો કરશે, તેઓ વાસ્તે સખ્ત અઝાબ છે. "**

આ રૂહાની એઈડસ વાલા ફક્ત દુનિયા વાસ્તે ઝિંદા રહે છે કેમ કે આખેરત વાસ્તે એ લોગોની રૂહ હોવાનો તો સવાલ જ ઊભો નથી થાતો. દાઅવતે હક્કના દરજાના સાહબો જે એના રૂહાની વાલેદૈન-માઁ બાપ છે તેમને છોડીને ગૈરઅહલ-ગૈરઅકીદાના લોગો સાથે ગૈરજાઈઝ-ઈલ્મી-મઝહબી તઅલ્લુક રાખનારા આ એઈડસવાલા, તંદુરસ્ત મુમિનના ચહેરાનું નૂર જોઈ શકતા નથી. **જે વકત પણ કોઇ તંદુરસ્ત મુમિન એ લોગોના નઝદીક આવે છે તો તેઓના ચહેરાના રંગ બદલાય જાય છે અને જિસ્મના આઅઝામાંથી એઇડસની નિશાનીઓ ઝાહિર થાય છે.** જો કોઈ ઈમાનનો કમ્ઝોર, જેની આઁખ-કાન-ઝબાનમાં ખોટ યા ખોડ હોય, એ આ એઈડસવાલાના ફંડામાં આસાનીથી આવી જાય છે અને એ પણ ઈન્ફેકશનવાલો થઈ જાય છે.

રૂહાની એઈડસવાલા અલગ-અલગ મૌકાઓ ઉપર અલગ-અલગ શિકલો સૂરત ઈખ્તેયાર કરે છે. મોહર્રમ આવે તો અપની ફજરની નૂરાની મેહફિલમાં આવવાને બજાય આ એઈડસવાલા રાતની કાલી મજલિસોમાં જાય છે અને ગૈરજાઈઝ ઈલ્મી તઅલ્લુક બાંધે છે. રમઝાન આવે તો આ જ લોગો પોતાનું વતન અને પોતાના અકીદાની નમાઝો છોડીને ગૈર લોગો સાથે મક્કામાં રહેવાનું પસંદ કરે છે. રૂહાની બિમારીવાલા આ લોગો અપના અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) એ સાચવેલું-સીંચેલું આ અપનું દીને હક્ક-મઝહબે કામિલ ને છોડીને અહલુલ બૈત (અ.સ.) ના દુશ્મનો સાથે દીની તઅલ્લુક રાખે છે. સાહબે દાઅવત નઝદીક કુરઆની બરકતી તાઅવીઝાત અને ફાલ વાસ્તે આવવાને બદલે આ એઈડસવાલા બાઝારૂં બાપુઓ-ઉંછફૂંક કરનાર-જંતરમંતર કરનાર ફરૈબી ઠગ લોગો પાસે મદદની ઉમ્મીદ સાથે જાય છે. દોઆતુલ અકરમીન (ક.રૂ.) ની પાકીઝા દેહલીઝ-આસ્તાનએ આઅઝમને છોડીને આ રૂહાની મરીઝો ગૈર કૌમના મઝારો પર બગૈર કોઈ નતીજા પોતાની પૈશાની ઘસે છે, નાકને રગડે છે. બાઝ જાહિલોમાં આ એઈડસના વાયરસ એ હદ તક વધી જાય છે અને રૂહાની બિમારીની ખરાબીની ઈન્તેહા એ હોય છે કે, આ દિલના મુર્દા લોગો અપની ઈમામતની નમાઝ યા જુમ્આની નમાઝને તર્ક કરીને બિદઅતી લોગોની મસ્જિદોમાં પોતાની વફાદારીનું ખૂન કરવા જાય છે અને અપની જનાઝાની નમાઝ તેમજ કબ્રસ્તાનમાં આવી જમાઅતના મુમેનીન સાથે ધોકેબાઝી-મક્કારી કરે છે.

અય પ્યારા મુમેનીન ! અલ્લાહની ઝિક્ર કરવાથી જ દિલોને કરાર-તસલ્લી મીલે છે. અલ્લાહની ઝિક્ર, અલ્લાહની આ દાઅવતથી કાઈમ છે. દાઅવતના સાહબ, પછી તે નબી, વસી, ઈમામ યા દાઈએ મુત્લક હોય-તમામ અલ્લાહની શરીઅત તરફ દાઅવત દેનાર દાઈઓ છે. આ સાહબોની મોહબ્બતથી જ હમને રૂહાની હયાત હાસિલ થાશે, જે મોહબ્બત હમારે વાસ્તે કુલ્લી તૌર પર ખૈર છે અને અદાવત કુલ્લી તૌર પર શર છે. અલ્લાહતઆલા તું હમને અદાવતના શરની બિમારીથી દૂર રાખજે અને મુમેનીનના ઝુમ્રામાં હમને હર વકત શામિલ રાખજે. આમીન. ★

**ઝબાન એક એવું વહેશી જાનવર છે જે છોડી દેવામાં આવે તો બીજાને ફાડી ખાય.**

## " ગુલે ગુલ્ઝાર હે " હાદી " કા હરએક લફ્ઝ યૂં યારો, મોઅત્તર કરતી હે દિલકો બયાઁ કી ઉસકી બૂ યારો "

આજે **"અલ-હાદી"** ના પઢનાર-વાંચકને ખુશી હોવી જોઈએ કે, એક પછી એક એમ કરતા કરતા ૪૮ અંકોનો એટલે કે ૪ સાલનો હમારો સાથ પૂરો થયો. હવે હમેં પાછલા સાથને ઔર વધારે પાકો કરવા પાઁચમાં સાલના ખુશ્નુમા સફરને ઈલ્મ અને મોહબ્બતનો સામાન લઈને શુરૂ કરીએ છીએ. જેમ અંધારાને મીટાવવા એક રોશન ચિરાગની ઝરૂર પડે છે એમ દુનિયાના સફરીને એક ગાઈડ અને હાદીની બિલાશક ઝરૂર પડે છે. **"અલ-હાદી"** હમારા વાસ્તે એક એવો રોશન ચિરાગ સાબિત થયું છે કે, જેના સહારાથી હમેં આજે અપના મઝહબને, રીત-રિવાજોને, દીનદારીને, ઝિંદગીને, મૌતને, તારીખને, અકીદાઓને, હલાલ-હરામને બરાબર એની દલીલો-હકીકતો સાથે જાણી શકીએ છીએ, સમઝી શકીએ છીએ. હઝાર હઝાર સલામ **"અલ-હાદી"** ના ઈદારાને કે જેઓએ મુમેનીનમાં ઈલ્મના ઝરીએ બૈદારી આવે, એનો બેડો ઉઠાવો અને હમેં જોઈએ છીએ કે આજે એમની મહેનત રંગ લાવી રહી છે.

મઝહબી લેખો સાથે જો હલક-ફૂલકા લેખો પણ **"અલ-હાદી"** માં છાપવામાં આવે તો તેને ચાર ચાંદ લાગી શકે છે. પણ આ ત્યારે જ શક્ય છે કે **"અલ-હાદી"** એક મેગેઝીનની સૂરતમાં બાહર પડે. હમારી દિલી તમન્ના તો એ જ છે કે, લોગો જેમ આ અખ્બારને વાંચે છે તેમ તેમના ખયાલો અને મંતવ્યો પણ અખ્બારના ઈદારાને મોકલે જેનાથી વાંચકોથી મીલેલા તઅસ્સુરાત થી અખ્બારને વધારે નવિન અને મકબૂલ બનાવી શકાય. હમારી દિલી દોઆ છે કે, હમારા દીનના દાઈયુલ્લાહ (ત.ઉ.શ.) જે હમારા શફીક, હાદી અને રાઈ છે તેમની ઉમ્ર શરીફને, અય અલ્લાહતઆલા, તું જેમ દરાઝ કરીશ તેમ **"અલ-હાદી"** ની ઉમ્રને પણ એમના સાયામાં દરાઝ કરજે. આમીન...

*With Best Compliments :*

(૧) મુલ્લાં અમીરૂદ્દીન જી. જરીવાલા
(૨) ઝયનુલ આબેદીન એસ. બાલ્ડીવાલા
(૩) તૈયબઅલી આઈ. ફાનસવાલા
(૪) અલીઅસગર એફ. લોખંડવાલા
(૫) ડૉ. શબ્બીરહુસૈન આર. ચશ્માવાલા
(૬) કૌસરહુસેન એસ. બદરી (નવસારી)
(૭) અનીસઅલી એ. કુંઢેલાવાલા
(૮) અલી અસગર આઈ. ઉમલ્લાવાલા
(૯) સજ્જાદહુસેન એસ. કાચવાલા
(૧૦) ગુલામહુસૈન એ. કોન્ટ્રાક્ટર
(૧૧) શોએબઅલી એસ. સુરકાવાલા
(૧૨) બદરૂદ્દીન એફ. બરોડાવાલા (કોસંબા)
(૧૩) અમીરૂદ્દીન એચ. અત્તરવાલા
(૧૪) સફીયુદ્દીન આર. ધોલકાવાલા. ★

## -::: નઝમ :::-
## " અલ-હાદી " ને ૪ થી સાલગિરાહની મુબારકબાદી

" અલ-હાદી " હે એક રિસાલઓ કૌમી, મઝામીન હે જિસ્મે અદબી-ફલાહી.
કિયે ચાર સાલ ઈસને ખૂબીસે પૂરે, હે સરસબ્ઝ હર ઈલ્મ કા ઈસ સે બુસ્તાં.
મઝામીન તારીખો ઈલ્મો હિકમ કે, હુએ ઈસ મેં શાએ બ તેહકીકો ઈકાં.
કસાઈદો અશઆર રૂબાઈયો કત્આત, હુએ તબઅ હરએક રિસાલે કે દૌરાં.
બ અસ્રે મુબારક રાહે દીન યા રબ, ફલે ફૂલે ઈલ્મો અદબ કે ગુલિસ્તાં.
બકા તૂલ હો શેહકી તા રૌઝે મેહશર, દોઆ હે યે મુમિન કી નઝદીકે યઝદાં. ★

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**

સરનામું:- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯. ★